પરિશિષ્ટ-૯

(3)

## લીમખેડા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ

*15/4/778: શ્રી શૈલેષભાઇ સુમનભાઇ ભાભોર (લીમખેડા): માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) | |

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૨-૨૩ | ૨૬૫ |
| ૨૦૨૩-૨૪ | ૧૨૮ |

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં અવેલ છે? | (૨) | |

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૨-૨૩ | ૧૮૭.૫૬ |
| ૨૦૨૩-૨૪ | ૯૯.૫૩ |

---

ક્રમાંક: વસપ/૧૧૨૦૨૪/તા.પ્ર.૧૧/મ
વન અને પર્યાવરણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર,
તા:૦૨/૦૨/૨૦૨૪

ગુજરાત વિધાનસભાના તારીખ: ૧૦/૦૧/૨૦૨૪ તારાંકિત પ્રશ્ન: ૧૫/૪/૭૭૮ અન્વયે જરૂરી કાર્યવાહી સારુ

(આસવ ગઢવી)
નાયબ સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

નકલ રવાના:

૧. અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી,(HoFF),અરણ્ય ભવન, સેક્ટર-૧૦,ગાંધીનગર
૨. સેક્શન અધિકારી(સંકલન), અ-૧ શાખા, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૩. શાખા સિલેક્ટ ફાઇલ-૨૦૨૪

## અગ્રતાક્રમાંક.૦૯

શૈલેષભાઈ ભાભોર (લીમખેડા)

**પ્રશ્ન –** લીમખેડા તાલુકામાં વર્ષ ૨૦૨૨-૨૦૨૩ અને ૨૦૨૩-૨૪માં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ કરાયેલ વાવેતરમાં કેટલા માનવદિન ઉત્પન્ન થયેલ છે, અને મજદૂરોને કેટલું ચૂકવણું કરવામાં આવેલ છે તેની ગામની સંખ્યા સાથેની માહિતી શું છે?

**જવાબ –**

| વર્ષ ૨૦૨૨-૨૩ | | | | |
|---|---|---|---|---|
| તાલુકાનું નામ | ગામની સંખ્યા | ઉત્પન્ન થયેલ માનવદિન | મજદુરોને કરવામાં આવેલ ચુકવણું | ગામનું નામ |
| લીમખેડા | ૧૬ | ૩૨૦૦૦ | ૧૧૨.૪૨ લાખ | હાથીયાવન, ઝેરજીતગઢ, સીંગાપુર, ડુંગરા, ક.પાલ્લી, સરજુમી, પાડલીયા, પરપટા, અંધારી, પાલ્લી, ઉસરા, ઘુટીયા, ચીલાકોટા, માન્લી, ફુણઘા, અંબા |

| વર્ષ ૨૦૨૩-૨૪ (તા.૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતીએ) | | | | |
|---|---|---|---|---|
| તાલુકાનું નામ | ગામની સંખ્યા | ઉત્પન્ન થયેલ માનવદિન | મજદુરોને કરવામાં આવેલ ચુકવણું | ગામનું નામ |
| લીમખેડા | ૧૦ | ૧૪૦૦૦ | ૬૧.૭૪ લાખ | બારા, પાડલીયા, ઝેરજીતગઢ, સરજુમી, દાભડા, પરપટા, ચીલાકોટા, માન્લી, પ્રતાપપુરા, ઉસરા |

# અગ્રતાક્રમાંક.૦૯

કનૈયાલાલ કિશોરી (દાહોદ)

**<u>પ્રશ્ન –</u>** **<u>સહભાગી વન વ્યવસ્થાનો શું આશય છે અને તે માટે સરકારશ્રી દ્વારા શું વ્યવસ્થા ગોઠવેલી છે. તેમજ લીમખેડા તાલુકાના કેટલા ગામોમાં કેટલા વિસ્તારમાં અમલમાં છે?</u>**

**<u>જવાબ –</u>**

- સહભાગી વન વ્યવસ્થાનો મુખ્ય હેતુ પાંખા થયેલા વન વિસ્તારોને પુન: નિર્માણ, સંરક્ષણ અને વિકાસ તથા વહીવટમાં ગ્રામ સમુદાય / સ્વૈચ્છિક સંગઠનોનો સહયોગ મેળવવાં ઉપરાંત વન વિસ્તારની જમીનમાં વૃક્ષો અને અન્ય વનસ્પતિનું વાવેતર કરી ઘાસ, બળતણ અને નાનું ઈમારતી લાકડું અને અન્ય વન પેદાશોનું ઉત્પાદન કરી જંગલ વિસ્તારની નજીક રહેતા, ગ્રામ સમુદાયની જરૂરતો પહોંચી વળવાનો મુખ્ય હેતુ છે. તે ઉપરાંત સતત ઉત્પાદકીય વનીકરણને સહાયરૂપ બને તેવી પર્યાવરણની સમતુલા પ્રાપ્ત કરવી તેમજ ગ્રામ સમુદાય વૃક્ષ આધારિત પ્રવૃત્તિમાં કાર્યરત થાય તેવી શક્યતાઓ ઉભી કરવી.
- સહભાગી વન વ્યવસ્થા હેઠળ જોડાયેલા સભ્યોને પાંખા થયેલ વન વિસ્તારમાંથી ઘાસ લઈ જવાનો અધિકાર રહે છે. ઉપરાંત, કટબેકની કામગીરી કરવામાં આવે ત્યારે તેમાંથી નીકળતું બળતણ ગામ સમિતિના સભ્યોને વિના મૂલ્યે, સરખે હિસ્સે આપવામાં આવે છે.
- પાંખા થયેલા વન વિસ્તારમાંથી પાકા વૃક્ષો કાપવામાં આવે ત્યારે વન ઉત્પન્નમાંથી ગામ સમિતિ અને સરકાર વચ્ચે ચોખ્ખી આવકમાંથી **૫૦ ટકા**ના ધોરણે લાભની વહેંચણી થાય છે જ્યારે ગીચ વન વિસ્તારોમાં અનુક્રમે **૨૦** અને **૮૦ ટકા**ના ધોરણે લાભની વહેંચણી થાય છે. વીડી વિસ્તારમાંથી ઘાસનાં કુલ ઉત્પાદનનાં **૨૦ ટકા** ઘાસ સહભાગી વન વ્યવસ્થા સમિતિનાં સભાસદોને વાઢી લઈ જવાં દેવામાં આવે છે.
- **સહભાગી વન વ્યવસ્થા લીમખેડા તાલુકામાં કુલ ૩૮ ગામોમાં ૫૧૧૬.૯૯ હેક્ટર વિસ્તારમાં અમલમાં છે.**

# અગ્રતાક્રમાંક.૦૯

રમેશભાઈ કટારા (ફતેપુરા)

**પ્રશ્ન –** **લીમખેડા તાલુકામાં છેલ્લાં પાંચ વર્ષમાં કરવામાં આવેલ વાવેતરની વિગતો શું છે?**

**જવાબ –**

| ક્રમ નં. | વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૮–૧૯ | ૨૨૫ હેક્ટર |
| ૨ | ૨૦૧૯–૨૦ | ૧૭૦ હેક્ટર |
| ૩ | ૨૦૨૦–૨૧ | ૧૪૪ હેક્ટર |
| ૪ | ૨૦૨૧–૨૨ | ૨૨૫ હેક્ટર |
| ૫ | ૨૦૨૨–૨૩ | ૨૬૫ હેક્ટર |
| | કુલ --- | **૧૦૨૯** હેક્ટર |

# અગ્રતાક્રમાંક.૦૯

# પૂરક નોંધ

**લીમખેડા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં તા.૩૧/૧૨/૨૦૨૩ સુધીમાં કઇ યોજના હેઠળ કેટલા રોપાનું વાવેતર કરાયેલ છે, તે પૈકી જીવંત રોપાઓની સંખ્યા અને થયેલ ખર્ચની વિગતો શું છે?**

**જવાબ:-**

જુદી જુદી યોજના હેઠળ કુલ **૩૯૩.૦૦ હેક્ટર**માં **૨.૦૮ લાખ** રોપાનું વાવેતર થયેલ છે તેમાંથી હાલ **૧.૮૫ લાખ** રોપા જીવંત છે અને તેની પાછળ કુલ **૨૮૭.૦૯ લાખ** જેટલો ખર્ચ થયેલ છે. જેની વિગતો નીચે મુજબ છે,

| વર્ષ | યોજનાનું નામ | વાવેતર (હેક્ટરમાં) | રોપાની સંખ્યા (લાખમાં) | જીવંત રોપાની સંખ્યા (લાખમાં) | થયેલ ખર્ચ (રૂા.લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૨૦૨૨-૨૩ | વન વ્યવસ્થા અને વિકાસ (આદિવાસી) | ૧૨૦.૦૦ | ૦.૫૫ | ૦.૪૬ | ૬૮.૮૬ |
| | વન વ્યવસ્થા અને વિકાસ (બિનઆદિવાસી) | ૧૨૦.૦૦ | ૦.૪૫ | ૦.૩૮ | ૭૦.૪૫ |
| | કેમ્પા | ૨૫.૦૦ | ૦.૨૮ | ૦.૨૬ | ૪૮.૨૫ |
| | **કુલ:-** | **૨૬૫.૦૦** | **૧.૨૮** | **૧.૧૦** | **૧૮૭.૫૬** |
| ૨૦૨૩-૨૪ (૩૧/૧૨/૨૪) સ્થિતિએ | વન વ્યવસ્થા અને વિકાસ (આદિવાસી) | ૫૦.૦૦ | ૦.૧૮ | ૦.૧૭ | ૪૦.૩૧ |
| | વન વ્યવસ્થા અને વિકાસ (બિનઆદિવાસી) | ૫૦.૦૦ | ૦.૩૧ | ૦.૨૯ | ૩૭.૪૩ |
| | કેમ્પા | ૨૮.૦૦ | ૦.૩૧ | ૦.૨૯ | ૨૧.૭૯ |
| | **કુલ:-** | **૧૨૮.૦૦** | **૦.૮૦** | **૦.૭૫** | **૯૯.૫૩** |
| | **એકંદરે કુલ:-** | **૩૯૩.૦૦** | **૨.૦૮** | **૧.૮૫** | **૨૮૭.૦૯** |

**લીમખેડા તાલુકામાં છેલ્લા બે વર્ષમાં કયા કયા ગામોમાં કેટલા વિસ્તારમાં કેટલા રોપાનું વાવેતર થયેલ છે?**

**જવાબઃ-**

લીમખેડા તાલુકામાં વર્ષ **૨૦૨૨-૨૩**માં કુલ **૧૬** ગામોનાં **૨૬૫ હેક્ટર** વિસ્તારમાં કુલ **૧ લાખ ૨૮ હજાર** રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

લીમખેડા તાલુકામાં વર્ષ **૨૦૨૩-૨૪**માં કુલ **૧૦** ગામોનાં **૧૨૮ હેક્ટર** વિસ્તારમાં કુલ **૮૦ હજાર** રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

આમ, લીમખેડા તાલુકામાં છેલ્લાં બે વર્ષમાં કુલ **૨૬** ગામોનાં **૩૯૩ હેક્ટર** વિસ્તારમાં કુલ **૨ લાખ ૮ હજાર** રોપાનું વાવેતર કરવામાં આવેલ છે. જેની વિગતો નીચે મુજબ છે,

| **વર્ષ** | **ગામનું નામ** | **વિસ્તાર (હે.)** | **વાવેલ રોપાની સંખ્યા (લાખમાં)** |
|---|---|---|---|
| ૨૦૨૨-૨૩ | હાથીયાવન | ૧૦.૦૦ | ૦.૧૧ |
| | ઝેરજીતગઢ | ૫.૦૦ | ૦.૦૬ |
| | સીંગાપુર | ૫.૦૦ | ૦.૦૬ |
| | ડુંગરા | ૧૫.૦૦ | ૦.૦૭ |
| | ક.પાલ્લી | ૧૦.૦૦ | ૦.૦૪ |
| | સરજુમી | ૨૫.૦૦ | ૦.૧૧ |
| | પાડલીયા | ૨૦.૦૦ | ૦.૦૧ |
| | પરપટા | ૨૫.૦૦ | ૦.૦૧ |
| | અંધારી | ૨૦.૦૦ | ૦.૦૮ |
| | પાલ્લી | ૧૦.૦૦ | ૦.૦૪ |
| | ઉસરા | ૧૦.૦૦ | ૦.૦૪ |
| | ધુટીયા | ૧૦.૦૦ | ૦.૦૪ |
| | ચીલાકોટા | ૨૫.૦૦ | ૦.૧૨ |
| | માન્લી | ૩૦.૦૦ | ૦.૧૨ |
| | કુણધા | ૨૦.૦૦ | ૦.૦૯ |
| | અંબા | ૨૫.૦૦ | ૦.૨૮ |
| | **કુલ** | **૨૬૫.૦૦** | **૧.૨૮** |

| વર્ષ | ગામનું નામ | વિસ્તાર (હે.) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|---|
| ૨૦૨૩–૨૪ | બારા | ૨૫.૦૦ | ૦.૧૧ |
| | પાડલીયા | ૧૦.૦૦ | ૦.૦૪ |
| | ઝેરજીતગઢ | ૫.૦૦ | ૦.૦૨ |
| | સરજુમી | ૧૦.૦૦ | ૦.૦૧ |
| | દાભડા | ૧૦.૦૦ | ૦.૧૧ |
| | પરપટા | ૧૫.૦૦ | ૦.૧૭ |
| | ચીલાકોટા | ૫.૦૦ | ૦.૦૨ |
| | માન્લી | ૨૦.૦૦ | ૦.૦૧ |
| | પ્રતાપપુરા | ૩.૦૦ | ૦.૦૩ |
| | ઉસરા | ૨૫.૦૦ | ૦.૨૮ |
| | **કુલ** | **૧૨૮.૦૦** | **૦.૮૦** |

વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ લીમખેડા તાલુકાના વનીકરણમાં રાજ્ય સરકાર તરફથી મળેલ ગ્રાન્ટની વિગતો શું છે, તથા તેમાંથી કેટલો ખર્ચ થયેલ છે ?

જવાબ:-

રાજ્ય સરકારની ગ્રાન્ટ (લીમખેડા તાલુકો)

| વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં) | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | ખર્ચની ટકાવારી |
|---|---|---|---|
| ૨૦૨૨-૨૩ | ૧૮૭.૫૬ લાખમાં | ૧૮૭.૫૬ લાખમાં | ૧૦૦% |
| ૨૦૨૩-૨૪ (તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ) | ૯૯.૫૩ લાખમાં | ૯૯.૫૩ લાખમાં | ૧૦૦% |
| **કુલ** | **૨૮૭.૦૯** લાખમાં | **૨૮૭.૦૯** લાખમાં | **૧૦૦%** |

**આમ, બંને વર્ષની મળીને કુલ રૂા.૨૮૭.૦૯ લાખની ગ્રાન્ટ સામે રૂા.૨૮૭.૦૯ લાખ જેટલો ખર્ચ થયેલ છે.**

## દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલો વનવિસ્તાર આવેલ છે?

જવાબ:-

| તાલુકો | વન વિસ્તાર (ચો.કિ.મી.) |
|---|---|
| બારીયા | ૧૪૪.૮૬ ચો.કી.મી. |
| ધાનપુર | ૧૨૭.૭૭ ચો.કી.મી. |
| દાહોદ | ૧૨૩.૬૪ ચો.કી.મી. |
| ઝાલોદ | ૯૪.૬૪ ચો.કી.મી. |
| ફતેપુરા | ૪૦.૬૬ ચો.કી.મી. |
| સંજેલી | ૬૧.૦૦ ચો.કી.મી. |
| ગરબાડા | ૪૪.૨૩ ચો.કી.મી. |
| સીંગવડ | ૬૯.૮૩ ચો.કી.મી. |
| લીમખેડા | ૧૦૮.૭૪ ચો.કી.મી. |
| **કુલ** | **૮૧૫.૩૭** ચો.કી.મી. |

## મોનીટરીંગની કામગીરીમાં કઈ કામગીરીનું મોનીટરીંગ કરવામાં આવે છે?

મોનીટરીંગની કામગીરીમાં આગોતરા કામો નર્સરી, ચાલુ વર્ષના તેમજ જુના વાવેતરો ઉપરાંત બાંધકામની કામગીરી, એન્ટ્રી પોઇન્ટ એકટીવીટી તેમજ હાઇટેક નર્સરી જેવી તમામ પ્રકારની કામગીરીનું મોનીટરીંગ રાજય તેમજ વર્તુળ કક્ષાએથી કરવામાં આવે છે.